ગાંધીનગર સમાચાર

## હિંમતનગરમાં 'તમારો સહારો' ગઝલ સંગ્રહનું વિમોચન

### સાહિત્ય જગતને મળ્યો ગજબ સહારો



સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં સાહિત્ય જગતમાં જાણીતા બનેલાં કવિયત્રી વાસવદત્તા નીતિન નાયક 'દીવાની' લિખિત 'તમારો સહારો' ગઝલ સંગ્રહનું વિમોચન અતિથિ વિશેષ વિજયભાઈ ભટ્ટ 'મોડર્ન', ડૉ. જગદીશભાઈ નાયક, ભાવનાબેન જે નાયક, કવિ કલ્પેશભાઈ રામાનુજ 'ગુમનામ વઢીયારી', કવિ શૈલેષભાઈ ચૌધરી 'અગમ' આર્ટિસ્ટ પિયુષ પટેલના હસ્તે યોજવામાં આવ્યું હતું.ઐતિહાસિક બની રહેલા ગઝલ સંગ્રહ વિમોચન નિમિતે ઉપસ્થિત કવિમિત્રોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી સંભારણા રૂપે ગઝલ લિખિત ટ્રોફી આપવામાં આવી હતી.આ પ્રસંગે પ્રસિદ્ધ સાહિત્યકાર યોસેફ મેકવાન અને ગઝલકાર જીગર ઠક્કર દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન કવિ ગૌરવ શાહ 'એકાંત' તેમજ નીતિન નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.હિંમતનગરની સિંધી સમાજ વાડી ખાતે યોજાયેલ વિમોચન પ્રસંગે કમલ પાલનપુરી, પ્રવિણભાઈ 'દિલેર', રાકેશભાઈ પટેલ 'તરસ', સતિષભાઈ સખીયા, નિરંજનભાઈ શાહ 'નીર', રાજેશભાઈ નાયક 'રાજ' નિતેશભાઈ ટાંક 'નિત' વગેરે કવિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના પલ્લાચર ગામે આવેલ ખેતરમાંથી રોટર વેટર (ખેતીનું સાધન)ની ચોરી થતા ખેડૂત દ્વારા પોલીસ ફરિયાદ કરી

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામની સીમમા આવેલ ખેતરમાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ રોટર વેટર (ખેતીનુ સાધન) ચોરી કરી લઈ જતા પોલીસ ફરીયાદ થઈ.પ્રાંતિજના પલ્લાચર ગામે રહેતા દેવજીભાઈ શીવાભાઈ પટેલ કે જેવો ખેતી કરે છે અને તેવોની જમીન પલ્લાચર ગામની સીમમાં આવેલ હોય તેવો પોતે ખેતી કરતા હોય જેથી ખેતી માટે ૧,૦૩,૦૦૦ મા રોટર વેટર ખેતી માટે ખરીદી કરીને લાવ્યા હતા અને તેવો ખેતી કામ માટે ઉપયોગ કરતા હતા પણ રોટર વેટર પોતાના ખેતરમાં બોર કુવાની ઓરડી ની નજીક ખુલ્લી જગ્યામા બીજા ખેતીના સાધનો જોડે મુકેલ હોય જે કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રીના સમયે તેવોના ખેતર ઉપર થી પોતાનુ ટ્રેકટર લઈને આવીને ખેતરમાં રહેલ રોટર વેટર જેની કિંમત ૫૦,૦૦૦ ની ટ્રેકટર પાછળ લગાવીને ચોરી કરીને લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દેવજીભાઈ શીવાભાઈ પટેલ ઉ.વર્ષ-૬૫ ધંધો-ખેતી રહે. પલ્લાચર તા. પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૩૭૯ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ યોજાઈ




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ યોજાઈ હતી જેમા પ્રમુખ-મંત્રી સહિત સંગઠન કાર્યકર્તાઓ આગેવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ મહાકાલી મંદિર ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સમાજ ના પ્રશ્નો સહિત બેરોજગાર યુવાનો ના પ્રશ્નો વિષે વિશેષ ચર્ચાઓ કરવામા આવી હતી તો સંગઠન ને મજબૂત કરવા તથા સમાજ લક્ષી કાર્યો ને વધુવેગ આપવા ને લઈ ને પ્રાંતિજ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ યોજાઈ હતી જેમા જિલ્લા તાલુકા પ્રમુખ મંત્રી સહિત ના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## માલગઢ ખાતે જિલ્લા ભાજપના સક્રિય સભ્યોનું મહા સંમેલન





ભારતીય જનતપાર્ટીના સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ બનાસકાંઠાના ડીસા ના માલગઢમાં બનાસકાંઠા જિલ્લા ભાજપના સક્રિય સભ્યોનું મહા સંમેલન યોજાયું હતું .આ પ્રસંગે જિલ્લાના ૯ વિધાનસભા વિસ્તારના સક્રિય સભ્યોને સક્રિય સભ્ય કાર્ડ વિતરણ કરાયા હતા. બનાસકાંઠા જીલ્લાની તમામ ૯ વિધાનસભા બેઠકના મંડલ અને શહેર સંગઠનસભ્યોને સક્રિય સભ્ય કાર્ડનું વિતરણ કરાયું હતું.આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલે ઉપસ્થિત પાર્ટીના સૌ સક્રિય કાર્યકરોને વરચુઅલ સંબોધન કરી માર્ગદર્શન આપ્યું હતું. બનાસકાંઠામાં જિલ્લા ભાજપના સક્રિય કાર્યકરોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા ઉપસ્થિત ગુજરાત સરકાર ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ વાઘેલા,બનાસડેરી ના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ધારાસભ્ય શશીકાંત પંડ્યા,જિલ્લા પ્રભારી નંદાજી ઠાકોર, જિલ્લા પ્રભારી સુરેશ શાહ, પૂ.મંત્રી કેશાજી ચૌહાણ, માલધારી સેલ ના પ્રદેશ સંયોજક સંજયભાઈ દેસાઈ,મહામંત્રી ડાહ્યાભાઈ પીલિયાતર , કનુભાઈ વ્યાસ, કૈલાસ ગેહલોત પાલિકાઓના ભાજપ પ્રમુખ,તાલુકા પંચાયત પ્રમુખ સહિત જિલ્લા સંગઠનના કારોબારી સભ્યો,મંડલ અને શહેર ભાજપના સભ્યો યુવા અને મહિલા મોરચાના હોદ્દેદારો ,સભ્યો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિ રહ્યા હતા.બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ એ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ સંમેલનને સંબોધતા સૌ સકીય કાર્યકરોને આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે સંગઠિત થઈ કામે લાગવા આહવાન કર્યું હતું.તેમ મીડિયા સેલના કાંતિલાલ લોધાએ જણાવ્યું હતું.

## ૫૦૦૦ વસતી : જિલ્લામાં નિલગાયોના વસતી વિસ્ફોટથી માર્ગ સલામતી ખતરામાં

# નિલગાય વાહન સાથે અથડાતાં જીવલેણ અકસ્માતની હારમાળા





બાયડ (બ્યુરો એફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નિલગાયોનો વસતી વિસ્ફોટ થયો છે. ધોળે દિવસે તેમજ રાત્રે માર્ગો ઉપર નિલગાયો દોટ લગાવતી હોવાથી માર્ગ સલામતી ખતરામાં મૂકાઈ છે. વાહન સાથે નિલગાય ટકરાવાથી અગાઉ જીવલેણ અકસ્માતો નોંધાયો છે છતાં વાહન ચાલકોની સલામતી માટે પગલાં ભરવામાં વન વિભાગ નિષ્ફળ રહ્યું છે. નિલગાયની વધતી વસતીને અટકાવવા માટે અગાઉ સરપંચોને બંદૂકથી શિકાર કરવાની પરવાનગી આપવામાં આવી હતી પરંતુ જીવદયામાં માનતા સરપંચોએ કોઈ કામગીરી કરી નથી જેથી નિલગાયોનો ઉપદ્રવ તમામ માર્ગો ઉપર જોવા મળી રહ્યો છે. જિલ્લાના તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, માલપુર વિસ્તારમાં ૫૦૦૦થી વધુ નિલગાયની વસતી દ્વિ-ચક્રી વાહન ચાલકો માટે જોખમી બની ગઈ છે.

જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની તાજેતરમાં ઉજવણી થઈ. ટ્રાફીક અવરનેશમાં સુધારો લાવવાની સાથે માર્ગ અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ ઘટાડવાની મોટી મોટી વાતો થઈ પરંતુ મુખ્ય જોખમને કોઈએ ધ્યાનમાં લીધું નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નિલગાયોની વધતી સંખ્યાએ છેલ્લા ઘણા સમયથી માર્ગ સલામતીને જોખમમાં મૂકી દીધી છે. બાયડ તાલુકા સહિત અન્ય વિસ્તારોમાં નિલગાયોનો વસતી વિસ્ફોટ થયો છે જેના કારણે માર્ગ અકસ્માત વધ્યા છે. દિવસે તેમજ રાત્રે નિલગાયનાં ટોળે ટોળાં માર્ગો ઉપર દોટ લગાવતાં હોવાથી વાહન ચાલકોના મોતના બનાવ વધી રહ્યા છે. તો કેટલાક વાહન સાથે નિલગાય ટકરાઈ ગયા પછી રોડ ઉપર પટકાતાં ગંભીર ઈજાનો ભોગ બન્યા છે. સરકાર અને તેનો વિભાગ દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહમાં સૂફીયાણી વાતો કરતો હોય છે પરંતુ માર્ગો ઉપર નિલગાયોએ ઉભું કરેલ માર્ગસલામતીનું જોખમ કોઈ ધ્યાનમાં જ લેતું નથી જેથી નિર્દોષ વાહન ચાલકો જીવલેણ ઈજાનો ભોગ બની રહ્યા છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા,માલપુર અને તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નિલગાયોની સંખ્યામાં દિનપ્રતિદિન ધરખમ વધારો થઈ રહ્યો છે. જ્યારે નિલગાયોનાં ટોળાં ખેતરોમાં ભેલાણ કરતાં હોવાથી ખેડૂતો દારૂખાનું ફોડી ભગાડવાનો પ્રયાસ કરતા હોવાથી નિલગાયો માર્ગો ઉપર ગમે ત્યારે દોટ લગાવતી હોવાથી અજાણ વાહન ચાલક હડફેટે ચઢી જતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી વાહન સાથે નિલગાય ટકરાવાથી અકસ્માતની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે જવાબદાર તંત્ર નિલગાયોના વસતી વિસ્ફોટથી જોખમમાં મૂકાયેલી માર્ગ સલામતીને ધ્યાનમાં રાખી યોગ્ય પગલાં ભરે તો જ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી સાર્થક લેખાશે.

### ગમે તે ઘડીએ વહીવટદારો નિમાયા તેવી સંભાવના

# જિલ્લાની ૧૨૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી પાછી ઠેલાય તેવી સંભાવના

### વિભાજન થયેલી ગ્રામ પંચાયતોમાં વહીવટદારો મૂકાશે

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૬

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી વહેલી યોજાવવાની શક્યતા વચ્ચે જિલ્લામાં આગામી જૂન-૨૦૨૨ પહેલાં મુદત પૂર્ણ કરતી ૧૨૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી પાછી ઠેલાય તેવી સંભાવના છે. આવી ગ્રામ પંચાયતોમાં ગમે તે ઘડીએ વહીવટદારી નિમાઈ શકે છે. ગત ડિસેમ્બર-૨૦૧માં માર્ચ-૨૦૨૨ સુધીમાં મુદત પૂર્ણ કરતી તમામ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજવામાં આવી હતી.

રાજ્યમાં ધોમધખતા તાપ વચ્ચે રાજકીય ધમધમાટ શરૂ થઈ ગયો છે. લૂ લાગે તેવા વાયરા વચ્ચે રાજકીય મેળાવડા શરુ થયા છે. ત્યારે રાજ્યમાં સમયસર જ વિધાનસભાની ચૂંટણી યોજાશે તેવા દાવા વચ્ચે એપ્રિલ-મે-જૂન મહિનામાં જે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે અને વિભાજન થયેલ છે તેવી પંચાયતોમાં ગમે તે ઘડીએ વહીવટદારો નિમવામાં આવી શકે છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની કુલ-૧૨૮ ગ્રામ પંચાયતોમાં વહીવટદારોનું શાસન આવી જાય તેવી પ્રબળ સંભાવના ઉભી થઈ છે. વહીવટદારોનું શાસન આવે તો કેટલાક રાજકીય પક્ષોને નુકસાન થવાની પણ સંભાવના છે. પરંતુ હાલ વહીવટી તંત્ર ગ્રામ પંચાયતોમાં વહીવટદારી નિમાશે કે કેમ..?? તે મુદે કંઈપણ કહેવા માટે તૈયાર નથી. જ્યારે સરકાર તરફથી પણ અધિકારીઓને વહીવટદારો મૂકવા માટે સૂચનાઓ મળી હોય તે રીતે કયા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોની મુદત આગામી એપ્રિલ-મે.-જૂનમાં પૂરી થાય છે તેની વિગતો સંપૂર્ણપણે એકત્રિત થઈ ગઈ છે. સાબરકાંઠામાં ૧૧૫ અને અરવલ્લીની ૧૩ ગ્રામ પંચાયતોમાં વહીવટદારનું શાસન સંભવ બની શકે છે.

**કેટલી ગ્રામ પંચાયતોમાં મુદત પૂર્ણ થઈ રહી છે..**

જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં રાજકીય સડવડાટ વચ્ચે વહીવટદારોનું શાસન આવી જાય તેવી સંભાવના છે. સાબરકાંઠામાં આગામી જૂન-૨૦૨૨ સુધીમાં ૧૧૫ ગ્રામ પંચાયતોની અને અરવલ્લીમાં ૧૩ ગ્રામ પંચાયતોની આગામી એપ્રિલ-મે. મહિનામાં મુદત પૂર્ણ થવાની છે.

| તાલુકો | મુદત પૂર્ણ કરતી પંચાયત |
|---|---|
| ઈડર | ૧૪ |
| હિંમતનગર | ૧૧ |
| પ્રાંતિજ | ૧૨ |
| ખેડબ્રહ્મા | ૧૮ |
| તલોદ | ૨૪ |
| વડાલી | ૦૩ |
| પોશીના | ૨૨ |
| વિજયનગર | ૧૧ |
| મોડાસા | ૦૭ |
| બાયડ | ૦૪ |
| ધનસુરા | ૦૨ |

**વહીવટદારો અંગે કોઈ જાણકારી નથી – તંત્ર**

સાબરકાંઠા, અરવલ્લી ચૂંટણી શાખા સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે વહીવટદારો મૂકવા અંગે અમારી પાસે કોઈ જાણકારી નથી. અમોએ અત્યારે આગામી જૂન-૨૦૨૨ પહેલાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની વિગતો તૈયાર રાખી છે.

## ભિલોડામાં કટલરીનો સામાન વેચી ગુજરાન ચલાવનાર પરિવારના મકાનમાં તસ્કરી

**ધોળે દિવસે બાથરુમની જાળી તોડી તસ્કરીને અંજામ અપાયો: પતરાની પેટીમાંથી તસ્કરો છે ૨૪ હજારની મત્તા ઉસેડી ફરાર**


બાયડ (બ્યુરો એફિસ) તા.૦૬

ભિલોડાના વસવાટ રોડ ઉપરની આનંદનગર સોસાયટીમાં રહેતા અને કટલરીનો સામાન વેચી ઘરનું ગુજરાન ચલાવનાર અસારી પરિવારના મકાનમાં ત્રાટકેલા તસ્કરો પતરાની પેટીમાંથી રૂ ૨૦ હજારની રોકડ તેમજ ચાંદીના છેડા સહિત રૂ ૨૪ હજારની મત્તા ઉસેડી ગયા છે.



બનાવ અંગે ભિલોડા પોલીસે ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ ભિલોડાની આનંદનગર સોસાયટીમાં



કાન્તાબેન સૂકાભાઈ અસારી અને તેમનો પરિવાર મુખ્ય બજારમાં કટલરીનો સામાન વેચી ઘરનું ગુજરાન ચલાવી રહ્યો છે. તા.૪ના રોજ પરિવારના કેટલાક સભ્યો કટલરીનો સામાન વેચવા માટે ગયા હતા. જયારે અન્ય સભ્યો ધો.૧૦ની બોર્ડ પરીક્ષામાં સંતાનને પરીક્ષા આપવા માટે લઈને ગયા હતા જે સમયે આનંદનગર સોસાયટીમાં તેમના બંધ મકાનમાં તસ્કરીનો પ્રયાસ કરી અજાણ્યા તસ્કરોએ મકાનનું તાળું તોડવાને બદલે બાથરુમની જાળી તોડી અંદર પ્રવેશ કર્યો. ધોળે દિવસે અસારી પરિવારના મકાનમાં પ્રવેશેલા તસ્કરોએ પતરાની પેટીમાંથી રોકડ રકમ તેમજ ચાંદીના છડાની ચોરી કરી હતી. પરિવાર પરત ઘરે આવ્યો ત્યારે અંદરની સરસામાન વેરવિખેર જોતાં ધ્રાસ્કો અનુભવ્યો. બાથરુમની જાળી તૂટેલી જોવા મળવાની સાથે પતરાની પેટી પણ રફેદફે કરી તસ્કરો કુલ રૂ ૨૪ હજારની મત્તા ચોરી ગયાનું જણાતાં ગરીબ પરિવાર ઉપર આફત આવી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. બનાવ અંગે કાન્તાબેન અસારીની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે ગુનો નોંધી તસ્કરીનો ભેદ ઉકેલવા માટે ડૉગ સ્કવોર્ડની મદદ લીધી છે.

### ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી દ્વારા

## સિલ્વર જ્યુબિલી એલ્યુમ્ની રી-યુનિયન અને પ્રાઈઝ-ડિસ્ટ્રીબ્યુશન સેરિમનીનું ભવ્ય આયોજન થયું!

**૫૦૦ જેટલા પૂર્વ – વિદ્યાર્થીઓ પરિવારો સાથે ઉપસ્થિત રહ્યા અને ૨૨નું વિશેષ સન્માન થયું**



ગણપત યુનિવર્સિટી, તા. ૦૬

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીની શ્રી એસ.કે.પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ દ્વારા તાજેતરમાં "પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન અને "સિલ્વર જ્યુબિલી એલ્યુમ્ની રિ-યુનિયન" નામના અવસરનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્મસી કોલેજનો "પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન સેરિમની"(ઈનામ વિતરણ સમારોહ)માં સુખ્યાત ફાર્મા-કંપની એમનીલ ફાર્માસ્યુટિકલ્સના પ્રેસિડેન્ટ ડૉ. સંજયકુમાર જૈન, ઝાયડસ રિસર્ચ સેન્ટરના સીનિયર જનરલ મેનેજર ડૉ. રાજેશ બાંહેકર, ફાર્મસી કોલેજના એકિઝક્યુટિવ ડીન અને પ્રિન્સિપાલ પ્રો. ડૉ. એસ. એસ. પંચોલી, યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. રાકેશ કે. પટેલ, ફાર્મસી કોલેજના પ્રોફેસર અને ડીન ડૉ. પરેશ યુ. પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ભારે બળ અને પ્રેરણા પૂરા પાડ્યા હતા. આ પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન સેરિમનીમાં ઉપસ્થિત વિશેષ મહેમાન મહાનુભાવોના વરદ્ હસ્તે ૪૭ જેટલાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ 'મેડલ' અને ગુણવત્તાના પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા.

## પાલનપુર રેલવે સ્ટેશન ખાતેથી ડીસા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અને ભગિની સમાજના ઉપક્રમે ૫૦ દિવ્યાંગ યાત્રિકો હરિદ્વારની યાત્રાએ

**ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના પૂર્વ ચેરમેને યાત્રિકોને પાઠવી શુભેચ્છાઓ**

પાલનપુર તા.૬

ડીસા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ દિનેશ ભાઈ પટેલ અને ભગિની સમાજના સયુંકત ઉપક્રમે બનાસકાંઠાના ૫૦ દિવ્યાંગ યાત્રિકો હરદ્વારની યાત્રાએ જવા પ્રસ્થાન કર્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત ડીસા શહેર ભાજપ પ્રમુખ દિનેશભાઈ પટેલ દ્વારા દર ત્રણેક વર્ષે હરદ્વારની નિઃશુલ્ક યાત્રા કરાવવામાં આવે છે. ત્યારે આજે પણ દિનેશભાઈ પટેલ પરિવાર અને ભગિની સમાજ દ્વારા જિલ્લાના ૫૦ દિવ્યાંગોનું હરિદ્વાર યાત્રાનું સપનું સાકાર કરવામાં આવ્યું હતું. આજે પાલનપુર રેલવે સ્ટેશનથી ૫૦ દિવ્યાગ યાત્રિકો હરિદ્વારની યાત્રા એ જવા રવાના થયા હતા. માં ગંગા ના દર્શન કરવા એ જીવનનો એક લ્હાવો છે. ત્યારે દિવ્યાંગ લોકોને હરિદ્વારની યાત્રાનો લ્હાવો પૂરો પાડનાર દિનેશભાઈ પટેલના સેવાકીય કાર્યને પ્રોત્સાહિત કરવા ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન મગનલાલ માળી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ દિનેશભાઈ પટેલની સેવાકીય ભાવનાને બિરદાવતા માં ગંગા ના દર્શને જઈ રહેલા દિવ્યાંગ યાત્રિકોને પણ શુભેચ્છા પાઠવી હતી.

## ઈકો કારની બોનેટ અને બંમ્પરમાં વિદેશી દારૂ સંતાડી હેરાફેરીનો પર્દાફાશ

**જીલ્લા LCB પોલીસે ભિલોડાના ટોરડા નજીક ૨૧૩ બોટલ ઝડપી**

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે ભિલોડાને ઉંઘતી રાખી ટોરડા નજીકથી ગુપ્તખાનામાં દારૂ સંતાડી પસાર થતી ઈકો કાર સાથે ઈડર કાનપુરના બુટલેગરને દબોચી લેતા ભિલોડા પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે એલસીબી પોલીસે ઈકો કારમાંથી ૧.૫૧ લાખથી વધુના વિદેશી દારૂ સાથે બુટલેગરને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો જીલ્લાની આંતરરાજ્ય સારહદો પરથી વીદેશી દારૂને અટકાવવો જીલ્લા પોલીસતંત્ર માટે પડકારજનક સાબિત થઈ રહ્યો છે.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન ડ્રાઈવ હેઠળ સઘન પેટ્રોલિંગ હાથધર્યું હતુ એલસીબી પોલીસને રાજસ્થાનથી વિદેશી દારૂ ભરી ઈકો કાર ટોરડાના માર્ગે પસાર થવાની બાતમી મળતા પોલીસ નાકાબંધી કરી બાતમી આધારીત ઈકો કાર આવતાં ઈકો કારને અટકાવી તલાસી લેતા કારના આગળનાં બોનેટમાં અને બમ્પરમાં બનાવેલ



ગુપ્તખાનું મળી આવ્યું હતુ ગુપ્તખાનામાં કાગળમાં વીંટાળેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૧૩ રૂ.૧.૫૧ લાખથી વધુના જથ્થા સાથે ઈડર કાનપુરના બુટલેગર અરવિંદસિંહ પ્રેમસિંહ ચૌહાણને દબોચી લઈ ૪.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

**જન્મદિને વધામણી**



નટુભાઈ એમ. પ્રજાપતિ
આકૂંદ તા.ધનસુરા